# વિદ્યાર્થીને જ્ઞાની નહીં, કૌશલ્યવાન બનાવો

પ્રવૃત્તિએ શિક્ષણ મેળવવાનું અને આપવાનું અગત્યનું માધ્યમ છે. શિક્ષણના હેતુને ક્રમિક રીતે જોઇએ તો જ્ઞાન, સમજ, ઉપયોજન અને કૌશલ્ય છે.વ્યક્તિ સૌ પ્રથમ જ્ઞાન મેળવશે, પણ આ જ્ઞાન એ માત્ર માહિતી હોવી ન જોઇએ. માહિતી માત્ર જવાબ આપવા માટે કામ આપશે , જીવન માટે માહિતી કરતાં જ્ઞાનની અગત્ય વધુ છે. પ્રાપ્ત કરેલ જ્ઞાનની સમજ હોવી જરૂરી છે. જે શિક્ષણનો દ્વિતીય નંબરનો હેતુ ગણી શકાય. મેળવેલ જ્ઞાન અને સમજની જીવનમાં કશીજ ઉપયોગીતા ન હોય તો તે જ્ઞાન અને સમજ પ્રાપ્ત કરવાનો કોઇ હેતુ કે મહત્વ કે જરૂરિયાત રહેતી નથી. આમ પ્રાપ્ત કરેલ જ્ઞાન અને સમજનો જીવન જીવવામાં યોગ્ય ઉંપયોગ કરવો તે શિક્ષણનો ત્રીજો હેતુ ગણી શકાય. જ્ઞાન, સમજ અને ઉપયોજન પછી અંતિમ અને સૌથી મહત્વનો હેતુ એટલે કૌશલ્ય પ્રાપ્તિ. શાળા-કોલેજોએ વિદ્યાર્થી પાસે એવું કશુંક પિરસવાનું છે કે જેના અંતે કૌશલ્યનો ઓડકાર આવે. શાળા-કોલેજમાં વર્ગમાં કે વર્ગ બહાર અપાતું શિક્ષણ ત્યારે જ સાર્થક કહેવાય કે જ્યારે વિદ્યાર્થી પોતાના રસના કૌશલ્યની પ્રાપિત કરે. માટે તો ગાંધીજીએ શાળા શિક્ષણમાં ઉદ્યોગને ફરજિયાત ગણાવેલ.

આજે શાળામાંથી ઉદ્યોગને દેશવટો આપેલ છે. આમછતાં કેટલીક શાળાઓ પોતાની નૈતિક અને મહત્ત્વની ફરજ ગણીને બાળકોમાં વિવિધ કૌશલ્યનો વિકાસ કરવા માટેની પ્રવૃત્તિઓ કરી રહી છે. આવી શાળાઓને સમાજે જાહેરમાં સન્માનવી જોઇએ. શાળા-કોલેજો પ્રવૃત્તિથી ધમધમતી રહે તે માટે સરકાર દ્વારા પ્રોત્સાહન આપવાનો કેટલેક અંશે પ્રયત્ન કરવામાં આવે છે. પણ આ અંશ કેટલોક હોવાથી કેટલીક શાળાઓ જ તેનો અમલ કરે છે. ક્યારેક સમાજ કે સરકાર કે કોઇ જૂથ દ્વારા ચોક્કસ કૌશલ્યને લઇને જુદીજુદી શાળા-કોલેજો વચ્ચે હરીફાઇ ગોઠવવામાં આવે છે. જે બાળકોના હિતમાં છે, આમ છતાં પૂરતું તો નથી જ. સામૂહિક ધોરણે તાલુકા કે જિલ્લા કક્ષાએ જ્યારે પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવે છે, ત્યારે ચોક્કસ કૌશલ્યમાં આગવી પ્રતિભા ધરાવતા બાળકોને જ તેનો લાભ અને પ્રોત્સાહન મળે છે. પરંતુ દરેક બાળકમાં કૌશલ્યની ખિલવણી કરવી હોય તો દરેક શાળા-કોલેજોએ પોતાના કેમ્પસમાં પોતાની રીતે, પોતાના બાળકોને કેન્દ્રમાં રાખીને કામ કરવું જોઇએ. જેથી વધુમાં વધુ બાળકો પ્રવૃત્તિમાં ભાગ લઇને કૌશલ્ય વિકસાવી શકે.

પોતાની શાળાના તમામ બાળકો કોઇને કોઇ પ્રવૃત્તિમાં ભાગ લઇને પોતાના રસના કૌશલ્યને વિકસાવે તેવું આયોજન કરતી શાળા-કોલેજોને શ્રેષ્ઠ શાળા કહીશું. નાની ગણાતી કેટલીક શાળા-કોલેજો આ માટે સુંદર કામ કરે છે. નવી શરૂ થયેલી શાળાઓ આવા આયોજન કરીને વાલી અને બાળકોમાં શાળા માટે વિશ્વાસ બેસાડી શકે છે. એવી ઘણી શાળાઓની મુલાકાત લીધી છે અને જોયું છે કે જ્યાં શાળાનું એવું એકપણ બાળક નહીં હોય કે જેણે પોતાના કૌશલ્યને વિકસાવવાની તક ગુમાવી હોય. તમામ શિક્ષકો અને બાળકો વચ્ચેનું પ્રત્યાયન જોઇને થયેલું કે, હજું ભારતનું ભાવિ ઉજળું જ છે. સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે જુદી જુદી રમતો, યોગ, આસનો, ડ્રમ, લેઝિમ, કસરતના દાવ. ઉપરાંત લગભગ એક હજારથી વધુ શૈક્ષણિક અને મૂલ્યલક્ષી મુદ્દાઓનું પ્રદર્શન કે જેમાં શાળાના દરેક બાળકની ભાગીદારી હોય ! કમ્પ્યૂટર દ્વારા પ્રેઝન્ટેશન કરતા નાના ભૂલકાઓ, પુસ્તકોનું પણ પ્રદર્શન. ગુજરાતી માતૃભાષા ધરાવતા બાળકો દ્વારા અંગ્રેજીમાં પ્રેઝન્ટેશનથતું હોય....આવી તો અનેક બાબતો કે જે શિક્ષણવિદો અને વાલીઓને અચંબામાં નાંખતી હોય. ત્યારે

મનમાં આનંદની સાથે સતત ઇચ્છા પણ રહેતી કે આ ઉત્સાહનો ચેપ અન્ય શાળાઓને પણ લાગે તો કેવી મજા પડી જાય! આમ થવાથી બાળકોમાં વિવિધ કૌશલ્ય તો વિકસશે પણ સાથે સાથે સંઘભાવના, કૌટુંબિક ભાવના, શિસ્ત, આયોજન કરવું, જવાબદારી નિભાવવી. નેતાગીરી કરવી જેવી અનેક બાબતોના ગુણોનું અંકુરણ થશે. જે આગળ વધતાં સમાજ અને દેશને માટે ફાયદાકારક રહેશે. લીધેલ મુલાકાત દરમિયાન અન્ય એક બાબત પણ સામે તરી આવી કે જેનાથી પૂરો વિશ્વાસ બેઠો કે ઘણી નાની શાળાઓ પોતે ભલે આવા પ્રકારનું કામ કરી શકતી ન હોય પણ જે શાળા સુંદર કામ કરે છે તેને પ્રોત્સાહન રૂપે પોતાના બાળકોને જે તે શાળાની મુલાકાત લેવા પ્રોત્સાહન કરે છે. આનંદ એ વાતનો હતો કે અન્ય શાળાના બાળકોએ મુલાકાત લઇને જ્ઞાનમાં વધારો કર્યો, પણ દુ:ખ એ વાતનું પણ હતું કે આ અન્ય શાળાના બાળકોના કૌશલ્ય વિકાસનું શું? જ્યાં સુધી વ્યક્તિમાં ચોક્કસ કૌશલ્યનો પૂરતો વિકાસ ન થયો હોય તો તે વ્યક્તિનો સવાંગી વિકાસ થયો છે તેમ કહેવાય નહીં. અને શાળા-કોલેજનું કામ વ્યક્તિને જ્ઞાન આપવાનું નથી, પણ તેના કૌશલ્યનો વિકાસ કરવાનું છે.

નાની ગણાતી આવી કેટલીક શાળા-કોલેજો કે જેઓના સુંદર કામને કારણે જ આપણે શિક્ષણમાં પ્રગતિ કરી રહ્યાં છીએ. માત્ર પુસ્તકિયા જ્ઞાનને જ મહત્ત્વ ન આપતા, કૌશલ્યલક્ષી તાલીમ આપવાની જવાબદારી શાળા-કોલેજો ઉઠાવીને રચનાત્મક ભૂમિકા ભજવે એવી અપેક્ષા સૌ નાગરિકની હોય તે સ્વાભાવિક છે. આજના વર્ગખંડમાં શિક્ષકને માત્ર બોલીને ભણાવતા જોઇએ છીએ. બોલીને ભણાવે તેના કરતાં કરીને ભણાવે તે સારો શિક્ષક અને કરાવીને ભણાવે તે ઉત્તમ શિક્ષક ગણાય. આવા ઉત્તમ શિક્ષકોનું સર્જન આપમેળે તતું હોય છે, ઉંત્તમ શિક્ષકો બનતા નથી, જન્મતા હોય છે. શિક્ષકમાં જ્યાં સુધી ઉત્તમતા હાંસલ કરવાની નિષ્ઠા નહીં આવે ત્યાં સુધી તે પાંગળો જ રહેવાનો છે. તેને કોઇ સુધારી શકશે નહીં. બીજી બાજું વિદ્યાર્થીને માત્ર જ્ઞાની બનાવાથી નહીં ચાલે. તેનામાં કૌશલ્યો ખિલવવા પડશે. આવા કૌશલ્યોની યાદી ખૂબ જ લાંબી હોઇ શકે. વિદ્યાર્થી જેટલા વધુ પ્રમાણમાં કૌશલ્યો વિકસાવે તેટલો તેનો વિકાસ વધુ થયો તેમ કહી શકાય. આમપણ શાળા-કોલેજોનું કામ એ જ છે કે, વિદ્યાર્થીને જ્ઞાની કરતાં કૌશલ્યવાન બનાવવો અને શાખા-કોલેજોએ તેમની આ ફરજ નિષ્ઠાપૂર્વક બજાવવી જ જોઇએ, જેમાં વાલીએ પૂરો સહકાર આપવો જોઇએ.